# દેશમાં સ્કેમર્સ કોલનો તરખાટ



ટેક-ટોક
★ આનંદ ગાંધી

કયુ હેવ એની આઈડિયા, હાલ કેટલા મોબાઈલ યુઝર્સ છે ઈન્ડિયામાં? 117 કરોડ. દેશની વસ્તી 140 કરોડને પાર પહોંચી ગઈ છે. એમાંથી ટેક્નિકલી માત્ર 23 કરોડ લોકો પાસે જ મોબાઈલ નથી. દુનિયામાં સૌથી વધુ મોબાઈલ યુઝર્સ ધરાવતો ભારત બીજા નંબરનો દેશ છે. ચીન આ મામલે પહેલા ક્રમે છે. ચીનમાં કુલ ઓપરેશનલ મોબાઈલ ફોનની સંખ્યા 161 કરોડ છે અને ભારતમાં એક્ટિવ મોબાઈલ ફોન્સનો આંકડો છે 150 કરોડ. ભારતમાં મોબાઈલ ફોન યુઝર્સ દિવસે દિવસે વધતા જાય છે ને સાથે સાથે વધી રહ્યો છે સ્કેમર્સનો હાહાકાર. ભારતમાં સ્કેમર્સનો ડોળો કાયમ મંડાયેલો રહે છે. વિવિધ ઓફર્સ આપીને છેતરવા માટે સ્કેમર્સ મોબાઈલ ધારકોને સતત ફોન કરતા રહે છે. કોઈ ક્રેડિટ કાર્ડ આપવાના નામે ફોન કરે છે, તો કોઈ લોન આપવાનું બહાનું આગળ ધરે છે. કોઈ વળી ઈનામ લાગ્યું હોવાનું કહીને પૈસા તફડાવવાની પેરવી કરે છે.

તમને એવા કેટલાય ફોન આવતા હશે. ખરું ને? જો એવા ફોન તમને ન આવતા હોય તો તમે ખરેખર ભાગ્યશાળી મોબાઈલ યુઝર ગણાશો. કારણ કે દેશના સરેરાશ મોબાઈલ યુઝર્સને સ્કેમર્સ ત્રણ ફોન કરે છે.

દુનિયાભરમાં જેમ જેમ ઓનલાઈન આર્થિક વહેવારો વધ્યા છે તેમ તેમ ઓનલાઈન ચોરોનો પણ રાફડો ફાટ્યો છે. દુનિયાના એકેય યુઝર્સનો ડેટા દુનિયામાં ક્યાંય સલામત નથી. જેટલા યુઝર્સ કોઈને કોઈ ડિવાઈસ વાપરે છે તેમનો ડેટા કોઈને કોઈ પાસે તો સ્ટોર થાય જ છે. જ્યારે ડેટા ચોરી થઈ જાય ત્યારે એ યુઝર્સ પર છેતરપિંડીનું જોખમ ખડું થાય છે. હેકર્સ ડેટા ચોરીને સાવ નજીવા ભાવે ડાર્ક વેબમાં એ ડેટા વેચી મારે છે. સ્કેમર્સ એ ડેટા ત્યાંથી ખરીદીને સામાન્ય યુઝર્સને ફોન કરતા રહે છે. ક્રેડિટકાર્ડ આપવાના બહાને, કોઈ લોટરી લાગી છે એની રકમ આપવાના બહાને કે પછી બીજી કોઈ લાલચ આપવાના નામે આ સ્કેમર્સ યુઝર્સને ફોન કરે છે. લોકલ સર્કલના સર્વેમાં જણાયું હતું કે સરેરાશ ભારતીય યુઝર્સ દરરોજ ત્રણ સ્પેમ કોલ્સ રીસિવ કરે છે. આવા કોલ્સથી યુઝર્સ પરેશાન થઈ ગયા છે.

એક ફરિયાદ ટેલિકોમ કંપનીઓ તરફ પણ છે. દેશની ટેલિકોમ કંપનીઓ સર્વાધિક ફોન કોલ્સ કરે છે. સ્પેમ કોલ્સની બાબતમાં ટેલિકોમ કંપનીઓનો રેકોર્ડ બેહદ ખરાબ છે. ટ્રુકોલરે એક સ્પેમ કોલની યાદી જાહેર કરી હતી. એમાં 20 દેશોનો સમાવેશ થયો હતો. એ લિસ્ટમાં જણાયું કે ભારતમાં 100માંથી 91 સ્પેમ કોલ ટેલિકોમ કંપનીઓ દ્વારા આવે છે. એમાં નવા સિમકાર્ડની ઓફરની લઈને MNP કરાવી લેવાનો કે ડેટાનો પ્રસ્તાવ હોય છે. આવા ફોન સતત ધમધમતા રહે છે. બેન્કિંગ અને રિઅલ એસ્ટેટ સેક્ટર્સ પણ સ્પેમ કોલ કરીને ત્રાસ વર્તાવે છે.

જો તમે સ્પેમ કોલથી સાવધાન ન રહો તો નુકસાન થઈ શકે છે. ટેલિકોમ કંપનીઓ તો પોતાના પ્લાન સમજાવીને તમને લોભાવવાની કોશિશ કરે છે, પરંતુ તે સિવાયના સ્કેમર્સ તો અનેક પ્રકારની છેતરામણી લાલચ આપીને તમને આર્થિક ફટકો પહોંચાડવા તૈયાર બેઠા હોય છે. સ્પેમ કોલ્સની બાબતમાં ભારત ટોપ-5માં છે. સૌથી વધુ સ્પેમ કોલ્સ બ્રાઝિલમાં આવે છે. એ પછી પેરુ બીજા ક્રમે છે. ઈન્ડોનેશિયા ત્રીજા અને મેક્સિકો ચોથા ક્રમે છે. ભારત પાંચમા નંબરે છે. ભારતીય યુઝર્સ સ્કેમર્સ અને પ્રમોશનલ કોલ્સ માટે સોફ્ટ ટાર્ગેટ છે.

આમાંથી બચવા માટે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા ટ્રાઇ(TRAI) ડુ નોટ ડિસ્ટર્બ એટલે કે DNDની સુવિધા આપે છે. પરંતુ DND કર્યા પછીય સેંકડો મોબાઈલ યુઝર્સની ફરિયાદ રહે છે કે તેમને સ્કેમર્સ જુદા જુદા નંબરમાંથી ફોન કરે છે. પ્રમોશનલ કોલ્સ સામાન્ય રીતે આપણને જોઈને ખબર પડી જાય, પરંતુ જેમ જેમ મોબાઈલ યુઝર્સમાં અવેરનેસ આવતી જાય છે તેમ તેમ હવે પ્રમોશનલ કોલ્સની સર્વિસ પણ અપડેટ થઈ છે. હવે તમને સામાન્ય લાગે એવા નંબર પરથી ફોન આવે છે. એટલે DND મારફતે એ બંધ થતા નથી.

**ટ્રુકોલરે એક સ્પેમ કોલની યાદી જાહેર કરી હતી. એમાં 20 દેશોનો સમાવેશ થયો હતો. એ લિસ્ટમાં જણાયું કે ભારતમાં 100માંથી 91 સ્પેમ કોલ ટેલિકોમ કંપનીઓ દ્વારા આવે છે. એમાં નવા સિમકાર્ડની ઓફરની લઈને MNP કરાવી લેવાનો કે ડેટાનો પ્રસ્તાવ હોય છે. આવા ફોન સતત ધમધમતા રહે છે. બેન્કિંગ અને રિઅલ એસ્ટેટ સેક્ટર્સ પણ સ્પેમ કોલ કરીને ત્રાસ વર્તાવે છે**

લોકલ સર્કલ્સના સર્વેમાં તો ત્યાં સુધી કહેવાયું હતું કે 36% યુઝર્સને દરરોજ પાંચથી વધુ ફોન કોલ્સ આવે છે. જેમ જેમ તમારા નંબરનું અનેક સ્થળોએ રજિસ્ટ્રેશન વધે છે તેમ તેમ ફોન અને મેસેજનું પ્રમાણ વધી જાય છે. 3% મોબાઈલ યુઝર્સને તો દિવસના 10-10 ફોન આવે છે. 48% લોકોએ સર્વેમાં એવો દાવો કર્યો હતો કે સ્પેમ કોલ એવા નંબર પરથી આવે છે કે જે પર્સનલ ફોન હોય એવું લાગે છે ને એટલે અન-નોન ફોન ઉઠાવવા પડે છે.

આવા ફોન કોલ્સ ટાળવા માટે બધા મોબાઈલ સેટિંગ્સમાં ઓપશન્સ આવતા હોય છે અને DNDની સુવિધા પણ એક્ટિવ કરી શકાય છે. છતાં એ સંપૂર્ણપણે અટકતા નથી. હા, એનું પ્રમાણ ઘટી જાય છે. ભારતમાં ટ્રાઈ હજુય એ દિશામાં કામ કરે છે અને લોકો અનવોન્ટેડ કોલ્સથી બચી શકે તે માટે કોઈ મજબૂત વિકલ્પ તલાશે છે.




## ઈસ ઈમારત પર ન કર મુનઈમ ગ઼ુરૂર
## હમ સે ઈબરત લે કિ વીરાને હૈં હમ

**- મુસહફ઼ી ગ઼ુલામ હમદાની**

કેફિયત
★ હનીફ મહેરી

સમૃદ્ધ વ્યક્તિ આ ઇમારત પર અભિમાન ન કર, અમારાથી બોધપાઠ લે કે અમે વેરાન છીએ. આ ઇમારત પર માલદાર (મુનઇમ) વ્યક્તિ તું અભિમાન(ગ઼ુરૂર) ના કર. અમારાથી તું બોધપાઠ (ઇબરત) લે કે વેરાન(વીરાને) છીએ અમે. આજે જે ભવ્ય ઇમારતને લઇને અભિમાન કરી રહ્યાં છે, તેને ખબર નથી કે આ ભવ્ય ઇમારત પણ એક દિવસ ખંડેર બની જવાની છે. ઘણાં ખંડેર હજી તેની બુલંદીઓને યાદ કરે છે. એટલે માલદાર વ્યક્તિ આજે જે ઇમારતને લઇને અહંકાર કરે છે તેણે કોઈ તારાજ થયેલી હવેલી પણ જોઈ લેવી જોઈએ. જ્યારે ધન અને સંપત્તિ તમારી પાસે હોય ત્યારે તેનું અભિમાન કરવા કરતા બીજાને જોઈને બોધપાઠ લેવાની જરૂર છે. એક સમયે તેમની પાસે પણ જાહોજલાલી હતી. તેઓ પણ જાજરમાન હવેલીના માલિક હતા, પરંતુ આજે એ હવેલી ખંડેર બની ગઇ છે. તેને જોઈને બોધપાઠ લેવાની જરૂર છે. કેટલાક લોકો પોતાનામાં એટલા મશગૂલ હોય છે કે તેમને બીજા લોકોની ગરીબી કે મુશ્કેલીઓ દેખાતી નથી. એ તો પોતાની ભવ્ય ઇમારત તથા પોતાના વૈભવી જીવન પર અભિમાન કરતા રહે છે. તેમને કોઈની ચિંતા હોતી નથી. પરંતુ જો તેઓ બીજાની પીડાને જાણી લે તો ખોટા અભિમાનમાંથી બહાર આવી જાય. કારણ કે જે ખંડેર હમણાં જોવા મળે છે તે પણ એક સમયે વૈભવી હવેલી હતી, પરંતુ હવે સૂમસામ છે. કોઈ તેની તરફ જોતું પણ નથી. તે ઉપેક્ષિત છે, તારાજ છે. આ વાતને જો માલદાર માણસ સમજી લે તો એ તેની હમણાંની જાહોજલાલીથી અભિમાન નહીં કરે, પરંતુ નમ્ર બની જાય. કોઈ વેરાન ખંડેર જ તમને સાચો બોધપાઠ આપી શકે. જ્યારે માલેતુજાર બનો ત્યારે બીજાની તરફ પણ રહેમ નજર રાખો. તમારા જીવનમાં એવી દૃષ્ટિ રાખો કે તમારા વૈભવમાં અભિમાન નહીં પરંતુ નમ્રતા જોવા મળે. બીજા લોકોથી હંમેશા કશુંક શીખતા રહેવું જોઈએ. કોઈ ફકીર પણ તમને જીવનના મર્મને સમજાવી જાય. અભિમાનથી ઇમારત તો ઊંચી બની જશે. પરંતુ જ્યારે પતન થશે ત્યારે તમે એ જીરવી નહીં શકો. બધી પરિસ્થિતિનો સામનો કરતા શીખવું જોઈએ. માત્ર સમૃદ્ધિ તમને સુખ અને શાંતિ આપી નહીં શકે. તેના માટે જીવનને સમજવાની જરૂર છે. ઊંચી ઇમારત હોય ત્યારે તમારી દૃષ્ટિ નાની ઝૂંપડી પર પણ હોવી જોઈએ. એ ઘણું શીખવી શકે.

